# <u>ફોજદારી કેસ નં. 7528/2016</u>

## <u>આંક–૦૧ લગત હુકમ</u>

૧. સદર કામના આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ.૬૬ (૧) બી મુજબ અન્વયેના ગુન્હાના આક્ષેપો અંગેનુ આંક–૧ થી તહોમતનામુ રજુ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી આજ રોજ અદાલતમા હાજર થયેલ છે. તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ આપેલ છે. આરોપીની **<u>આંકઃ ૪</u>** થી પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે જેમા આરોપીએ ઉપરોકત ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. અને તે સંબંધમા અલગથી પુરસીસ **<u>આંકઃ ૫</u>** થી આપેલ છે.

૩. આવા સંજોગોમા આરોપી ઉપર અન્ય ગુન્હાઓ નોંધાયેલ નથી તેમજ આરોપએ પોતાના ગુન્હા માટે ખુલ્લી અદાલતમા સ્વૈચ્છાએ પસ્તાવો વ્યકત કરેલ હોય તે ધ્યાને લઇ તથા નામદાર ગુજરાત વડી અદાલત દ્વાર સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરચંદ હરચંદ ઠાકોર ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯ ના ચુકાદામા પ્રોહીબીશન એકટના ગુન્હાની ગંભીરતા અને આક્ષેપો નજીવા પ્રકારના હોય તો કાયદામા ફરમાવેલ સજાની જોગવાઈ કરતા ઓછી સજા કારણોની નોંધ થઈ શકે છે. તેવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે. હાલના કેસમા પણ આરોપી સામેના ગુન્હાના આક્ષેપો ધ્યાને લેતા નજીવા પ્રકારનું હોવાનુ ફલીત થાય છે. વધુમાં હાલના ગુન્હામા આરોપીને ઓછી સજા કરવાથી ફરીયાદ પક્ષને કોઈ પણ પ્રકારનુ નુકસાન થાય તેમ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

૧. ક્રિમી. પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીને પ્રોહીબીશન એકટની કલમ મુજબ ગુન્હામા તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીને રૂ. ૧૦૦(અંકે રૂપીયા સો પુરા) દંડ ભરવાની અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વિત્યે મુદ્દામાલનો સરકારશ્રી દ્વારા ઘડવામા આવેલ વખતો વખતનાં નિયમો અને ધારા ધોરણોને આધીન રહી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપીના જામીનખત તથા જાત મુચરકા રદ ગણવા.
ઉપરોકત ચુકાદો તા. 22 મી જુલાઈ સને 2018 ના રોજ જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તાઃ ૨૨ / ૦૭ / ૨૦૧૮

(એ. આર. ધોરી)
સ્પે. સીટીંગ
ચોથા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર,
અમદાવાદ